# પ્રેષિત ફિલિપ
# ફાધર વગીર્સ પોલ

**શુભસંદેશકાર** માથ્થી, માર્ક અને લૂકના પ્રથમ ત્રણ શુભસંદેશમાં ફિલિપનું નામ ફકત ઈસુના બાર શિષ્યોની નામાવલીમાં આવે છે. ઈસુના બાર પ્રેષિતોની ત્રણેય યાદીમાં ફિલિપનું નામ બથોલ્મી સાથે આવે છે. (માથ્થી ૧૦, ૩; માર્ક ૩,૧૮; લૂક ૬, ૧૪). 'પ્રેષિતોના ચરિતો'માં પણ પ્રેષિતોની યાદી છે. એમાં ફિલિપનું નામ થોમા જોડે આવે છે (પ્રે. ચ. ૧, ૧૩).

પણ આપણે યોહાનકૃત શુભસંદેશમાંથી ફિલિપ વિશે વધુ જાણીએ છીએ. ઈસુએ આંદ્રિયા અને એમના ભાઇ સિમોન પીતરને બોલાવ્યા પછી બીજે દિવસે ફિલિપને બોલાવ્યા હતા.

યોહાનકૃત શુભસંદેશના પ્રથમ અધ્યાયમાં ફિલિપના તેડા વિશે અને એમના પ્રથમ મિશનરી કાર્ય વિશે આપણે વાંચીએ છીએ કે, "બીજે દિવસે ઈસુએ ગાલીલ જવાનું નક્કી કર્યું. ફિલિપનો ભેટો થતાં ઈસુએ તેને કહ્યું 'મારી પાછળ પાછળ આવ!' હવે, આ ફિલિપ પણ આંદ્રિયા અને પીતરના ગામ બેથસૈદાનો જ હતો. નથનિયેલનો ભેટો થતાં ફિલિપે તેને કહ્યું, 'જેને વિશે મોશેએ ધર્મસંહિતામાં અને પયગંબરોએ પણ લખેલું છે તેનો અમને ભેટો થયો છે; તે યોસેફના પુત્ર નાસરેથના ઈસુ છે.'

"ત્યારે નથનિયેલ બોલી ઊઠયો, 'નાસરેથમાંથી કશું સારું નીપજી શકે ખરું?'

"ફિલિપે કહ્યું, 'ચાલ, અને જો.'

"નથનિયેલને પોતાન તરફ આવતો જોઇ ઈસુએ કહ્યું, 'જુઓ, આ એક સાચો ઇસાયલી આવે છે, એનામાં લગારે કપટ નથી.'

"નથનિયેલે તેમને પૂછયું, 'આપ મને કયાંથી ઓળખો?'

"ઈસુએ જવાબ આપ્યો, 'ફિલિપે તને બોલાવ્યો તે પહેલાં મેં તને અંજીરના ઝાડ તળે જોયો હતો.'

"નથનિયેલે કહ્યું, 'ગુરુજી, આપ ઈશ્વરના પુત્ર છો, આપ ઇસાયલના રાજા છો!' " (યોહાન ૧, ૪૩-૪૯).

ઈસુ ફિલિપ અને નથનિયેલવાળો આ સમગ પ્રસંગ આપણને ઘણું કહી જાય છે. એક ફિલિપ પણ આંદ્રિયા અને સિમોન પીતરના ગામ બેથસૈદાના વતની હતો. બે તેમણે 'મારી પાછળ પાછળ આવવા'ની ઈસુની હાકલ ઉત્સાહભેર સ્વીકારી અને ત્રણ ફિલિપે ઈસુને

અનુસરવાના પ્રથમ દિવસથી પ્રેષિત કાર્ય શરૂ કર્યું. તેઓ નથનિયેલને ઈસુ પાસે તેડી લાવ્યા.

યોહાનકૃત શુભસંદેશમાં ફિલિપનો બીજો ઉલ્લેખ એક ચમત્કારના સંદર્ભમાં છે. એક છોકરા પાસે જવના પાંચ રોટલા અને બે મચ્છીથી ઈસુ પાંચ હજાર લોકોને ખવડાવવાનો ચમત્કાર કરે છે. ચમત્કારનો પ્રસંગ ઈસુ અને ફિલિપ વચ્ચેના સંવાદથી શરૂ થાય છે. આખો પ્રસંગ વાંચીએ :

"સામે નજર કરતાં લોકોના મોટા ટોળાને પોતાના તરફ આવતું જોઇને તેમણે ફિલિપને કહ્યું, 'આ લોકોને ખવડાવવા માટે આપણે રોટલા કયાંથી ખરીદીશું?'

"ફિલિપની કસોટી કરવા જ તેમણે આમ કહ્યું હતું; બાકી શું કરવું એની તેમને ખબર હતી.

"ફિલિપે જવાબ આપ્યો, 'બસો રૂપામહોરના રોટલા લાવીશું તોયે બધાને થોડો થોડોયે નહિ આવે.'

"તેમના શિષ્યોમાંના એકે સિમોન પીતરના ભાઇ આંદ્રિયાએ, તેમને કહ્યું, 'અહીં એક છોકરા પાસે જવના પાંચ રોટલા અને બે મચ્છી છે; પણ આટલા બધામાં એનો શો હિસાબ?'

"ઈસુએ કહ્યું, 'લોકોને નીચે બેસાડી દો.'

"ત્યાં પુષ્કળ ઘાસ હતું, એટલે લોકો બેસી ગયા. તેમની સંખ્યા લગભગ પાંચ હજારની હતી. પછી ઈસુએ તે રોટલા લીધા, ઈશ્વરનો આભાર માન્યો અને ત્યાં બેઠેલા લોકોને વહેંચી આપ્યા. એ જ રીતે તેમણે મચ્છી પણ વહેંચી આપી. સૌને જેટલું જોઇતું હતું તેટલું મળ્યું. જયારે બધા ધરાઇ ગયા ત્યારે તેમણે શિષ્યોને કહ્યું, 'તમે છાંડેલા ટુકડા ભેગા કરી લો, જેથી કશું નકામું ન જાય.' શિષ્યોએ તેમ કર્યું, તો જવના પાંચ રોટલામાંથી ખાતાં વધેલા ટુકડાઓથી બાર ટોપલા ભરાયા" (યોહાન ૬, ૫-૧૩).

ઈસુ સૌ પ્રથમ લોકોને ખવડાવવાની વાત ફિલિપને કહે છે. કારણ કદાચ ઈસુ અને શિષ્યોને ખવડાવવાની જવાબદારી ફિલિપને સોંપેલી હશે. પણ પાંચ હજાર જેટલી જનમેદનીને ખવડાવવાની કલ્પના પણ ફિલિપ કરી ન શકે. એટલે તેઓ કહે છે કે, "બસો રૂપામહોરના રોટલા લાવીશું તોય બધાને થોડો થોડોય નહિ આવે!"

જનમેદનીને જમાડવા માટે 'લોકોને નીચે બેસાડી દો' એમ ઈસુએ કહ્યું ત્યારે ફિલિપને ખૂબ નવાઇ લાગી હશે. વળી બધા લોકોએ ધરાઇને ખાતાં વધેલા રોટલાથી બાર ટોપલા ભરેલા

જોઇને બીજા લોકોની સાથે ફિલિપ પણ બોલી ઊઠયા હશે કે,"સાચે જ આ તો જગતમાં આવનાર હતા તે પયગંબર જ છે. "

ફિલિપ એક મળતાવડા માણસ હોવા જોઇએ. ઈસુ યરુશાલેમની છેલ્લી મુલાકાત દરમિયાન પાસ્ખાના પ્રસંગે ફિલિપનું પ્રેષિતકાર્ય આપણું ધ્યાન દોરે છે.

ઈસુના યરુશાલેમના વિજય પ્રવેશ પછી પાસ્ખા તહેવાર માટે ત્યાં ભેગા થયેલા કેટલાક ગ્રીક લોકો ઈસુને મળવા માગે છે ત્યારે તેઓ ફિલિપ પાસે જાય છે. યોહાને એ પ્રસંગનું આબેહૂબ વર્ણન કર્યું છે:

"ઉત્સવમાં પૂજા કરવા આવેલા લોકોમાં કેટલાક ગ્રીકો હતા. તેમણે ગાલીલમાં આવેલ બેથસૈદાના ફિલિપ પાસે આવીને કહ્યું, 'મોટાભાઇ, અમારે ઈસુનાં દર્શન કરવાં છે.'

"ફિલિપે જઇને આંદ્રિયાને કહ્યું, આંદ્રિયા અને ફિલિપે જઇને ઈસુને વાત કરી. ત્યારે ઈસુએ તેમને કહ્યું, 'માનવપુત્રને મહિમાવસ્થા પ્રાપ્ત થવાનો સમય પાકયો છે. હું તમને સાચેસાચ કહું છું કે, જયાં સુધી ઘઉંનો દાણો જમીનમાં પડીને મરી જતો નથી ત્યાં સુધી એકલો જ રહે છે; પણ જો તે મરી જાય છે તો મબલક પાક પેદા થાય છે' " (યોહાન ૧૨, ૨૦-૨૪). કદાચ ફિલિપે પેલા ગ્રીકોને ઈસુ પાસે લઇ જતાં કહ્યું હશે કે "ચાલ અને જો."

છેલ્લે, બાર પ્રેષિતોના ઈસુ સાથેના છેલ્લા ભોજન દરમિયાન ફિલિપ અને ઈસુ વચ્ચેનો સંવાદ ખાસ નોંધપાત્ર છે.

"ઈસુએ કહ્યું,... 'તમે જો મને ઓળખ્યો હોત તો મારા પિતાને પણ ઓળખત. હવે તમે એને ઓળખો છો અને એને જોયો પણ છે.'

"ફિલિપે તેમને કહ્યું, 'પ્રભુ અમને પિતાનાં દર્શન કરાવો એટલે થયું.'

"ત્યારે ઈસુએ તેને કહ્યું, 'આટલા બધા વખતથી હું તમારી સાથે રહું છું, છતાં તું મને ઓળખતો નથી, ફિલિપ? જેણે મને દીઠો છે, તેણે પિતાને દીઠો છે. તો પછી તું એમ કેમ કહે છે કે, 'અમને પિતાનાં દર્શન કરાવો'? તને શું એટલો વિશ્વાસ નથી કે હું પિતામાં અને પિતા મારામાં વસે છે? હું તમને જે કહું છું તે મારા પોતાના તરફથી નથી કહેતો. મારામાં વસતા પિતા પોતાનાં કાયોર્ કયેર્ જાય છે " (યોહાન ૧૪, ૯-૧૦).

યોહાને પોતાના શુભસંદેશમાં ફિલિપ વિશે કરેલી બધી વાતોમાંથી આપણે માની લઇએ કે ફિલિપ ઘણાખરા ખૂબ નિખાલસ અને મળતાવડા માણસ હશે. ઈસુ સાથેના ફિલિપના સંવાદમાં આપણને ફિલિપની સાદાઇનો પણ ખ્યાલ આવે છે.

ખ્રિસ્તી લોકો જુદી જુદી ઉપાસનાવિધિ પ્રમાણે મે મહિનાની જુદી જુદી તારીખે ફિલિપનો તહેવાર ઉજવે છે.